અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2298-2337
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.26/02/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય: શૈક્ષણિક વર્ષ-2020-21 માં ધોરણ-9 થી 12ની શાળાકીય પરીક્ષા લેવા બાબત.
સંદર્ભ: અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2210-49, તા.24/02/2021

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેના સંદર્ભ દર્શિત પત્રથી શૈક્ષણિક વર્ષ 2020-21 માટે ધોરણ-9 થી 12ની શાળાકીય પરીક્ષાની તારીખોની વિગતો તેમજ પરીક્ષાના આયોજન અંગેની જરૂરી સૂચનાઓ જાણ તથા અમલ સારું આપને મોકલી આપવામાં આવેલ છે.

ઉક્ત વિગતે શૈક્ષણિક વર્ષ 2020-21 માટે ધોરણ-9 થી 12ની પ્રથમ પરીક્ષા અને ધોરણ-9 અને 11ની વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રોના ગુણ તેમજ આંતરિક મૂલ્યાંકન નીચે દર્શાવ્યા મુજબ રહેશે.

| પરીક્ષા | ધોરણ | પ્રશ્નપત્રોના ગુણ |
|---|---|---|
| પ્રથમ પરીક્ષા : | ધોરણ-9 અને 11 | 50 ગુણ |
| | ધોરણ-10 | 80 ગુણ |
| | ધોરણ-12 | 100 ગુણ |
| વાર્ષિક પરીક્ષા : | ધોરણ-9 અને 11 | 80 ગુણ |

આંતરિક મૂલ્યાંકન:

| ધોરણ-9 અને 11(વિ.પ્ર.)નું આંતરિક મૂલ્યાંકન: | |
|---|---|
| સામયિક કસોટી(એકમ કસોટી) | 10 ગુણ |
| નોટબુક સબમિશન | 05 ગુણ |
| સબ્જેક્ટ એનરીચમેન્ટ એક્ટીવીટી | 05 ગુણ |
| કુલ | 20 ગુણ |

| ધોરણ-10નું આંતરિક મૂલ્યાંકન: | |
|---|---|
| પ્રથમ પરીક્ષા | 10 ગુણ |
| નોટબુક સબમિશન | 05 ગુણ |
| સબ્જેક્ટ એનરીચમેન્ટ એક્ટીવીટી | 05 ગુણ |
| કુલ ગુણ | 20 ગુણ |

| ધોરણ-11 (વિ.પ્ર. સિવાય તમામ પ્રવાહ)નું આંતરિક મૂલ્યાંકન: | |
|---|---|
| ટર્મ પેપર કુલ-1/સ્વાધ્યાય કુલ-1 | 10 ગુણ |
| પુસ્તકાલયમાંથી અભ્યાસના ઉપયોગી એક પુસ્તકનું અવલોકન | 05 ગુણ |
| પ્રોજેક્ટ્સ | 05 ગુણ |
| કુલ | 20 ગુણ |

શૈક્ષણિક વર્ષ 2020-21 માં ધોરણ-9 અને 11માં વર્ગ બઢતી માટે નીચે મુજબની વિગતે કુલ 150 ગુણ પ્રમાણે ગણતરી કરવાની રહેશે.

| | |
|---|---|
| પ્રથમ પરીક્ષા | 50 ગુણ |
| વાર્ષિક પરીક્ષા | 80 ગુણ |
| આંતરિક મૂલ્યાંકન | 20 ગુણ |
| કુલ | **150 ગુણ** |

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપશો.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજપરના અધિકારીશ્રી, ગુ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:-

- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ સારૂં)
- નાયબ નિયામકશ્રી પરીક્ષા(વિ.પ્ર./સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં)
- પરીક્ષા સચિવશ્રી (SSC), ગુ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં)

જા.નં. ૨૦૨૧/૨૪૩૫
તા. 26-2-21

આચાર્યશ્રી તમામ
માધ્ય/ઉ.મા. શાળાઓ
ગ્રાન્ટેડ, નોનગ્રાન્ટેડ સરકારી
જિ. સુરત

— જાણ તથા અમલસારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.